

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*પ્રેમ-વાત્સલ્ય વિના જીવી જવાનો ભાર છે,*
*ને મગજ પર યૌન શોષણનો ભાર છે,*
*ભાર છે ભણતર, ટ્યુશન, હોમવર્કનો -*
*ભૂલકાંની પીઠ પર પોથાં નો ભાર છે*

### હાઈકુ

*શાળા - શિક્ષણ,*
*પુરાયું પરિપત્રે -*
*કાયદે કેદ...*
*(સંચાલકો - જેલર)*

*ગંડુ રાજાની,*
*શોષિત નગરીમાં*
*બાળ - માંચડે...*
*(નબળાં જોઈ ચઢાવો ફાંસી)*

### ચિંતન

*માલા તો મન કી ભલી, ઔર સંસારી ભેખ;*
*માલા પહિરે હરિ મિલે તો અર હટકે ગલિ દેખ*

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

અનેક લોકો ગળામાં માળા પહેરી રાખે છે. કોઈ તુલસીની તો કોઈ રૂદ્રાક્ષની. કબીર કહે છે કે સંસારીઓ જેમ જાતજાતના ઘરેણાં અને ભાતભાતના પહેરવેશ પહેરે છે તેમ આવી માળા એક ઘરેમું જ બની રહે છે.

કબીર આગળ કહે છે કે માળા તો મનનાં મણકાની જ સાચી. માળા ફેરવવાથી જો હરિ મળતા હોય તો 'અરહટ' એટલે રેંટ - તેનાં ગળામાં તો કાયમ માળા રહેલી હોય છે. તેને શું હરિ મળી ગયા ? આથી જો હરિને પામવાની ઈચ્છા હોય તો હાથમાંથી માળા છોડી મનના મણકાની માળા ફેરવો.

### સુવિચાર

- હું જોઉં છું કે દુનિયામાં સફળ થવા માટે માણસે ઉપરથી મૂર્ખ, પણ વાસ્તવમાં બુદ્ધિમાન હોવું જોઈએ - **ચાર્લ્સ મોન્તેક્યુ**
- શબ્દો પાંદડા જેવા છે. ઢગલો પાંદડામાં ફળ દેખાય નહિ, તેમ ઢગલો શબ્દોમાં અર્થ ભાગ્યે જ જોવા મળે છે - **અનામી**
- મજાક, મસ્તી તથા વિનોદ પર હંમેશા વિવેકનો અંકુશ રાખવો - **જનકલ્યાણ**
- સાચી મિત્રતા આનંદને બેવડી કરે છે, દુઃખ વહેંચીને પ્રસન્નતા વધારે છે અને મુશ્કેલીઓ ઘટાડે છે - **સુરેશ દલાલ**
- લોકો જેટલું વધારે બોલતા જાણે છે એટલું ચૂપ રહેતા જામે તો આ સંસાર ઘણો સુખી થઈ જાય - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રસિદ્ધિનો ચસકો કામના ના ચસકા કરતાંય વધારે ધૃણિત છે - **સ્નેહલ પાસ્કલ**
- આજનું ઔષધ : તલના તેલનું રૂનું પૂમડું મુકી પાટો બાંધવાથી જખમ પર તરત રૂઝ આવે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજા જંગલમાં ફરવા નીકળ્યા હતા. ત્યાં રસ્તામાં એક સંતની ઝૂંપડી આવી.રાજાએ સંતને વંદન કર્યા અને આશીર્વાદ આપતા કહ્યું. સંતે કહ્યું, 'રાજન !! તમે સિપાઈ બની જાવ.' સંતની વિચિત્ર વાત રાજાને અપમાનજનક લાગી. એની પાસે વિરાટ સેના હતી અને છતાં સંત એમને સૈનિક બનવાનું કહે તે કેવું ? રાજાને થયું વિચિત્ર લાગે છે તેથી તેમણે રાજગુરુને સંત ને મળવા મોકલ્યા. અને સંત પાસે આશીર્વાદ માંગતા કહ્યું. રાજગુરુ ગયા સંતને મળ્યા, સંતે આશીર્વાત આપતાં કહ્યું, 'તમે અજ્ઞાની બનજો' ફરી રાજાએ નગરશેઠને મોકલ્યા ત્યારે સંતે નગરશેઠને કહ્યું 'આપ તો શેઠ છો, હવે સેવક બની જાવ.' આમ રાજા, રાજગુરુ અને નગરશેટનું અપમાન થયું એમ જાણી કોઈએ કહ્યું. આ સંત નથી આ તો ધૂર્ત છે. કોઈ વ્યક્તિને જાણ્યા વગર કંઈ પણ સમજ્યા વગર આશીર્વાદ આપે છે. સંત કાં તો પાગલ થઈ ગયા હોવા જોઈએ. રાજા ફરી સંત પાસે ગયા અને કહ્યું, 'તમે આશીર્વાદ આપો છો કે લોકોનું અપમાન કરો છો ?' સંત હસી પડ્યા અને કહ્યું, 'રાજન! આશીર્વાદ યોગ્યતા પામવા માટે અપાય છે. મેં કહ્યું હતું કે તમે સિપાઈ બનો. કારણ કે સિપાઈ રાજયની રક્ષા કરે છે. અને એક રીતે રાજાનું કામ રાજયની સુરક્ષા કરવાનું છે. રાજગુરુને અજ્ઞાની બનવાનું કહ્યું એટલા માટે કે જ્ઞાન સાથે ઘમંડ આવે તો જ્ઞાન અવગુણ બની જાય છે. માટે મેં રાજગુરુને અજ્ઞાની બનવાનું કહ્યું હતું અને નગરશેઠને સેવક બનવાનું કહ્યું હતું કારણ કે નગરશેઠનું કર્તવ્ય પોતાના ધનથી નગરજનોની સેવા કરવાનું હોય છે.' સંતની વાત સાંભળી રાજાએ સંતને નમન કર્યા અને આશીર્વાદ લઈ ચાલતા થયા.

# વાઘને કોણ કહે કે 'તારું મોં ગંધાય છે ?'

**તંત્રીસ્થાનેથી...**

રવિવારે ગુજરાતમાં ન થવાનું થયું અને સોમવારે એ જ થયું જેની બીક હતી. રવિવારે લોકરક્ષક માટેની પરીક્ષાનું પેપર ફૂટી ગયું, પરીક્ષા રદ કરવામાં આવી, જેના કારણે આઠ લાખથી વધુ ઉમેદવારો રખડી પડ્યા ને પોલીસ સાથે ઘર્ષણ થયું એ અલગ. અને સોમવારે તપાસનું ને કાર્યવાહીનું ડીંડક ચાલી ગયું.

જે પાંચ વ્યક્તિનાં નામો પોલીસ દ્વારા આ ઘટનાના આરોપી તરીકે જાહેર કરવામાં આવ્યાં છે એ પૈકી એકને પણ જોઈને એવું લાગતું નથી કે આ પૈકી કોઈ આ કક્ષાનો ગુનો કરી શકે. મોટી ઘટના બની એટલે સરકારે પોતાની આબરૂ તો બચાવવી જ રહી, કાર્યવાહી તો કરવી જ રહી. એ કારણથી જાણે તાત્કાલિક આરોપીઓનાં નામો જાહેર કરી દેવાયાં હોય એવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. અને જે હકીકતો પોલીસ દ્વારા જાહેર કરવામાં આવી છે તે ન માત્ર હાસ્યાસ્પદ છે પરંતુ માની ન શકાય તેવી છે એવું કોઈપણ સામાન્ય માણસ આસાનીથી કહી શકે તેમ છે.

ચાલો, માની લઈએ કે આ આરોપીઓની સંડોવણી ઘટનામાં છે, પરંતુ મુખ્ય મુદ્દો એ છે કે એમના સુધી પણ પેપર આવ્યું કઈ રીતે ? પોલીસનું માનીએ તો એક વ્યક્તિ પાસે દિલ્હીથી પેપર આવ્યું. પણ દિલ્હીથી એટલે શું ? એ દિલ્હીમાં જઈને કોની પાસેથી પેપર લઈ આવ્યો ? એવું કોણ છે દિલ્હીમાં કે જે આ ઘટનાને અંજામ આપી શકે છે ? આ બધી બાબતોના કોઈ જવાબ નહીં. અહીં પોલીસે ચૂપ થઈ જવાનું અથવા 'વધુ તપાસ ચાલુ છે' એવો શીખવાડેલો જવાબ આપી દેવાનો.

હકીકતે મોટાં માથાઓને બચાવવામાં આવી રહ્યા છે ને લોકોનો રોષ જોતાં તાત્કાલિક પ્યાદાંને સામે ધરી દેવામાં આવ્યાં છે એ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. એવું બને કે તપાસ કરનાર અધિકારીઓને કે સરકારના પક્ષે પણ કોઈને જાણ હોય કે ઘટનાનાં મૂળ ક્યાં સુધી છે ? પરંતુ, એ મૂળ સુધી જવાની હિંમત ક્યાંથી લાવવી ? સામે વાઘ હોય તો ભીડવાનું સાહસ ક્યાંથી લાવવું ? વાઘને કેમ કરીને કહેવું કે તારું મોં ગંધાય છે ?

આ ઘટના ગંભીર છે એવી ચર્ચા ચાલુ જ છે ને સરકારે ગંભીરતા સમજવી જોઈએ એવીય લાગણી અનેકની હતી, છે પરંતુ આખરે એ જ થયું છે જે થતું આવ્યું છે. આ તો પોલીસ ગુજરાતની હદમાંથી દારૂ ભરેલી ગાડી પકડી પાડે એવું થયું. દારૂ ભરેલી ગાડી પકડીને ફોટા પડાવી લેવાના, પ્રેસનોટ્સ આપી દેવાની ને બીજા દિવસે 'વાહ-વાહ' મેળવી લેવાની. પરંતુ આરોપીને પૂછવાનું નહીં કે તું દારૂ ક્યાંથી લાવ્યો ને કોને ત્યાં લઈ જઈ રહ્યો છે ? એવા બધા સવાલો કોઈ પૂછે તો કહી દેવાનું કે 'તપાસ ચાલુ છે.'

આવી અનિચ્છનીય ઘટનાઓ અને તપાસનું આ ડિંડક હવે જનતા પણ જાણી ગઈ છે અને આ બધી બાબતોમાંથી ન માત્ર કારકિર્દી વાંચ્છુક ઉમેદવારોનાં મનમાં નિરાશા વ્યાપી રહી છે પરંતુ જનસામાન્યનાં મનમાંય સરકારની છબિ ખરડાઈ રહી છે એ વાત વર્તમાન રાજ્ય સરકારે અને દિલ્હી દરબારે પણ સ્પષ્ટ સમજી લેવા જેવી છે.

# નિયમિત પુસ્તક વાંચનની આદત કેળવીએ



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

'હું સાત વર્ષથી નિયમિત રીતે આ પુસ્તક મેળામાં આવું છું, શિક્ષક છું ને વિદ્યાર્થીઓને પણ અહીં આવવા આગ્રહ કરું છું.' મોરેયા ગામનો શિક્ષણ ત્રિભુવન રાઠોડે કહ્યું.

'અમે દર વર્ષે મારી આસપાસ રહેતા વિદ્યાર્થીઓને લઈને આવીએ, પુસ્તક મેળાના તમામ કાર્યક્રમો માણીએ છીએ.' નવા વાડજની શિક્ષિકાએ કહ્યું.

'અમે અમેરિકાથી આવીએ તો હવે પુસ્તક મેળો હોય એ દિવસોમાં આવવાનો પ્રયત્ન કરીએ છીએ.' ડૉ. બ્રહ્માનંદે કહ્યું અને એમના જેવો જ ધ્વનિ સંભળાયો લંડનથી આવેલા પત્રકાર જયોત્સનાબેન શાહની વાતમાં.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સતત સાતમા વર્ષે યોજાયેલ પુસ્તક મેળાને અહીં આવેલા મહાનુભાવો - વાચકો - ભાવકો - પદાધિકારીઓ - અધિકારીઓ અને વિધવિધ કલાના ઉપાસકોએ આવકાર્યો હતો, વધાવ્યો હતો. નેશનલ બુકફેરમાં ભારતના જાણીતા પબ્લીકેશનના બુક સ્ટોલ, પુસ્તક પરબ અને ફૂટ કોર્ડ તથા પ્રદર્શન હતા. સાથે સાથે રોજ સાંજે યોજાયેલા કાવ્ય સંગીત - લોકસંગીત - હાસ્યરસ - કવિ સંમેલન - હિન્દી ફિલ્મી ગીતો જેમાં કાવ્ય તત્ત્વ વિશેષ હોય અને પ્રવચનોને પણ લોકોએ મનભરીને માણ્યા હતા. ફિલ્મ સ્ક્રીપ્ટ - બ્લોગ રાઈટીંગ - કાવ્ય લેખન જેવા વિષયો પર યોજાયેલ સેમીનારમાં પણ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. બાળકોને લક્ષમાં લઈ વિવિધ વર્કશોપ પણ યોજાયો હતો.

પુસ્તકો એ સમાજનું પ્રતિબિંબ છે એવું આપણે સાંભળતા - વાંચતા આવ્યા છીએ, પુસ્તકો સુખ-દુઃખના સમયે આપણા ઉત્તમ સાથી બની રહે છે. એ વાત આપણે અનુભવી છે. બધ્ધું જ વાંચવાલાયક હોય છે એવું કહેવાનો પણ આશય નથી, કેટલીકવાર તો ૨૦૦ - ૩૦૦ પાનાના પુસ્તકનો એક અથવા સાર પામતા માંડ ૩૦ મિનિટ થાય છે. માણસ પાસે શું વાંચવું અને શું ના વાંચવું એનો સાહજિક વિવેક હોય છે જે એને સાચા પુસ્તકો સુધી લઈ જાય છે.

પુસ્તકોના વાંચનથી શું પ્રાપ્ત થાય છે ?

વ્યક્તિગત રીતે - ઉંમરના જુદા જુદા તબક્કે જુદા જુદા જવાબો હોઈ શકે, કેટલાક આ રહ્યા.

- આપણે માત્ર બીજાના જ નહિ, આપણા દોષ પણ જોઈ શકીએ. મનને બુદ્ધિને ઉદાર અને ઉદાત બનાવે છે . જ્ઞાન અને માહિતીની સાથે ભાવનાત્મક ઉર્જા મળે છે. સદ્ગુણોનો વિકાસ થાય છે. સંસ્કાર સિંચન થાય છે, મનોરંજન મળે છે. બીજાના અનુભવો આપણા સુધી પહોંચે છે પરિણામે આપણા જીવનમાં એવા પ્રસંગો બને ત્યારે ઉકેલની દિશા કમસે કમ જાણકારી જેટલી તો ખુલ્લી જ હોય છે. પુસ્તકો ઘરે બેઠા સમગ્ર વિશ્વનો પ્રવાસ કરાવી શકે છે. પ્રાચીન સભ્યતા કે સંસ્કૃતિ વિશે, વેદ-ઉપનિષદ વિશે, વિશ્વના દેશો વિશે જાણકારી મેળવવી હોય તો કયાંથી મળે ? માધ્યમ ગમે તે હોય, આખરે તો પુસ્તક સુધી જ જવું પડે છે. કોઈ એક શ્લોક - સૂત્ર - ગીત - કાવ્ય - વાર્તા - બોધ કથા આપણને બહુમૂલ્ય લેસન આપે છે ને પરિણામે એમાંથી આપણે આપણા જીવનમાં જયાં છીએ ત્યાંથી બે ડગલા આગળ જવાનો પ્રયત્ન કરી શકીએ છીએ.

પરિવર્તનના પવનને ઝીલતા ઝીલતા હવે યુવાનો હાર્ડ કોપીના બદલે સોફ્ટ કોપી, ઈન્ટરનેટના માધ્યમ પર વાંચતા થયા છે. ટ્રેઈનમાં ને એરપોર્ટ પર આ વાતની પુષ્ટિ કરતા અનેક દૃશ્યો આપણને જોવા મળે છે. અમદાવાદ નેશનલ બુક ફેરમાં પણ મોટી સંખ્યામાં યુવાનો આવ્યા - તેઓએ ખાસ્સો સમય ત્યાં વિતાવ્યો અને પોતાનો આનંદ બીજે વહેંચ્યો પણ ખરો ! એમ કહીને કે 'અમે પુસ્તકો મેળામાં ગયા' તો બહુ આનંદ આવ્યો.' નાના બાળકો એમના ગમતા પુસ્તકો લઈને મમ્મી-પપ્પા સાથે બહાર આવતા હોય ત્યારે જાણે મીઠાઈ - રમકડાં કે ડ્રાયફ્રુટ તહેવાર નિમિત્તે લઈને આવતા હોય તેવો આનંદ એમના ચહેરા ઉપર જોવા મળતો હતો. અમદાવાદના મેયર શ્રીમતી બીજલબેન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલ સમગ્ર આયોજનની સરાહના થઈ. અહીં આવનાર પુસ્તક પ્રેમીને પોતપોતાની રસ-રૂચિ અનુસાર બહુભાષી પુસ્તકો અન આનુષાંગિક પ્રવૃત્તિઓ મળી રહ્યા એનો આનંદ તેમના ચહેરા ઉપર અને તેમના શબ્દોમાં અભિવ્યક્ત થયો.

●●●

મહાત્મા ગાંધીથી લઈને દેશ-વિદેશના અનેક મહાનુભાવોના જીવનનો અભ્યાસ કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે કયાંક - કયારેક અથવા મોટેભાગે તેઓ પુસ્તકો સાથે વાચક તરીકે જોડાયેલા રહ્યા છે. આપણે ત્યાં ૬૪ કલાનું વર્ણન છે એમાં એક પુસ્તક વાંચન પણ છે. પુસ્તક વાંચન જીવનનો એક ભાગ બની જાય, એના વિના દિવસ અધૂરો લાગે ત્યારે પુસ્તક પ્રેમીને પુસ્તકનું મહત્વ સમજાય છે. આવો, ૨૪ કલાકના દિવસમાં ૨૪ મિનિટ પણ પુસ્તક વાંચનની આદત કેળવીએ અને પુસ્તકોમાંથી મળતા અજવાળાને ઝીલીએ.

# હૈદ્રાબાદ - રામોજી રાવ ફિલ્મ સિટી - સ્વપ્નલોક



**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

હૈદ્રાબાદ જાવ અને જો રામોજી ફિલ્મ સિટી ન જોઈએ તો, મંદિરમાંથી પ્રસાદ લીધા વગર પાછા આવવા જેવું થાય. હૈદ્રાબાદથી લગભગ ૨૫ કિ.મી. દૂર આવેલ આ 'જાદુઈ નગરી' જેવી આશ્ચર્ય, જિજ્ઞાસા અને ઉત્સુકતા જગાવતી આ દુનિયા ૧૬૬૬ એકરમાં ફેલાયેલી છે. જે સ્વયં એક વર્લ્ડ રેકોર્ડ છે. આ અદ્ભૂત, અવિશ્વસનીય સ્થળ જોવા માટે આમ તો બે દિવસ પણ પૂરતા નથી. પરંતુ સમગ્ર સ્થળનું વિહંગાવલોકન કરવા માટે પણ આખો એક દિવસ જાય છે.

તેલુગુ ફિલ્મ પ્રોડ્યુસર રામોજી રાવે ૧૯૯૬માં આ ફિલ્મ સિટીનું નિર્માણ કર્યું. આ સ્ટુડિયોમાં ૫૦ શૂટીંગ ફલોર છે. અહીં એક સાથે ૧૫ થી ૨૫ ફિલ્મોનું શૂટીંગ થઈ શકે છે.

અહીંયા મૈસુરના વૃંદાવન ગાર્ડનની પ્રતિકૃતિ, જયપુરનો હવામહલ, તાજમહલ જેવી અનેક પ્રતિકૃતિઓ છે. અહી જાપાનીઝ ગાર્ડન, કૃત્રિમ જલપ્રપાત, એરપોર્ટ, હોસ્પિટલ, રેલવે સ્ટેશન, ચર્ચ, મંદિર, શોપિંગ કોમ્પલેક્સ, બટરફલાય પાર્ક, બર્ડ પાર્ક, બોન્સાઈ પાર્ક, બૌદ્ધ ગુફાઓ, પ્રીન્સેસ સ્ટ્રીટ, એન્જલ ફાઉન્ટેન, ક્રીપાલુ કેવ્સ, જેવા અનેક આકર્ષણ છે.

સવારે ૯ લાગે રામોજી ફિલ્મ સીટી પરની સફર શરુ થાય તો રાત્રે આઠ વાગે પણ પુરી ન થાય એવી અજાયબભરી દુનિયામાં સમયનું તો આપણને ભાન જરાય ન રહે.

રામોજી ફિલ્મ સીટીની સરસ મજાની ટ્રેડિનશલ બસમાં એક સેટ પરથી બીજા સેટ પર અલગ અલગ જગ્યાઓ પર લઈ જવાની સરસ સગવડ છે, અને એક ગાઈડ પણ સાથે સાથે આ અદ્ભૂત સ્થળની રોલર કોસ્ટર રાઈડ કરાવવામાં મદદનીશ હોય છે.

મુવી મેજીક એરિયામાં ફિલ્મ બનાવવાની, કૃત્રિમ અવાજ ઉત્પન્ન કરવાની પદ્ધતિ સમજાવવામાં આવે છે. આટલા વિશાળ વિસ્તારમાં ફેલાયેલ આ ફિલ્મ સિટીની સુદૃઢ સુચારું વ્યવસ્થા સ્થળની ખાસિયતને વધુ ઉપર ઉઠાવે છે.

અવનવા વિદેશી પક્ષીઓ અને પંતગિયા માટેનો અલાયદો વિભાગ તો મન મોહી લે છે. અહીં પક્ષીઓ પિંજરામાં નથી મુક્ત છે, એક આખા વિસ્તારમાં તેમને મુક્ત રાખવામાં આવે છે. પતંગિયા તો એક જુઓને બીજું ભૂલો તેવા રંગબેરંગી અને ચિત્તાકર્ષક છે.

બાળકો માટે રાઈડ્સની પણ વ્યવસ્થા છે, ટૂંકમાં આબાલવૃદ્ધ સહુને આ સફર કોઈ પરીકથાના પ્રદેશની સફર કરાવી જાય છે.

અત્યારે રામોજી ફિલ્મ સિટીમાં સૌથી વધુ આકર્ષણવાળી કોઈ જગ્યા હોય તો તે 'બાહુબલી'નો સેટ છે. જેને હજી સુધી યથાતથ સાચવી રાખવામાં આવ્યો છે.

માહિષ્મતી નગરીમાં વિશાળ ભલ્લાલદેવની મૂર્તિ વાળો જે મધ્યભાગ છે, તે જગ્યા પર જઈએ તો જાણે 'બાહુબલી' ની દુનિયામાં પહોંચી ગયાની જ લાગણી થાય છે. 'દેવસેના' ને જે કેદખાનામાં રાખી હોય છે, તે સ્થળ, શિવમંદિર, વિશાળ સિંહાસન, યુદ્ધ વખતે ગોળા ફેંકવાના સાધનો, આ બધું જોવાનો આનંદ અનેરો છે.

હૈદ્રાબાદ જઈએ અને જો રામોજી રાવ સિટી ન જઈએ તો હરદ્વાર જઈને ગંગાસ્નાન ન કરવા જેવું લાગે છે.

'ચાર મિનાર' તો હૈદ્રાબાદની ઓળખ છે, ખૂબ જ સરસ સ્થાપત્ય છે, પરંતુ ફોટામાં જોયું હોય તેવું સ્મારક નજરોનજર જોવા મળતું નથી. કારણ કે આજુબાજુ ખૂબ જ સંકીર્ણ માર્કેટ એરીયા છે, ત્રણ દરવાજાથી ભદ્ર જતા હોઈએ તેવો અનુભવ થાય.

'સાલાર જંગ' મ્યુઝિયમ આખો દિવસ નિરાંતે નિહાળવા જેવું ઈતિહાસ, કલા, શિલ્પ અને ચિત્રકારીગરીના ચાહકો માટેનું રસપ્રદ સ્થળ છે. 'મુસી' નદીના કિનારે આ સંગ્રહાલય છે.

૧૮૮૯-૧૯૪૯ દરમિયાન નિઝામના સમયગાળામાં નવાબ મીર યુસુફ અલી ખાન (સાલાર જંગ-૩) હૈદ્રાબાદના પ્રધાન તરીકે ફરજ બજાવતા હતા, અને ૨૫ વર્ષ દરમિયાન તેમણે એકઠ્ઠી કરેલી વસ્તુઓનું સંગ્રહાલય બનાવવામાં આવ્યું છે. ૧૯૫૧માં ૧૬મી ડિસેમ્બરે જવાહરલાલ નહેરુએ આ મ્યુઝિયમનું ઉદ્ઘાટન કર્યું હતું.

વિવિધ કાલીન ગાલીચા, ઘડિયાળ, રાચરચીલું, જાપાન, ચાઈના, બર્મા, નેપાળ, પર્શિયા, ઈજિપ્ત, યુરોપ અને નોર્થ અમેરિકાની ચીજવસ્તુઓ જોવા મળે છે. ૧૫૬૩માં ઈબ્રાહીમ કુતુબ શાહે આ લગભગ ૪.૫ કિ.મી. માં ફેલાયેલ કૃત્રિમ તળાવ બનાવ્યું હતું. ૧૯૯૨માં આ તળાવમાં વચ્ચોવચ્ચ એક સુંદર બુદ્ધપ્રતિમા મુકવામાં આવી છે. 'હુસેન સાગર' આ તળાવનું નામ એટલા માટે રાખવામાં આવ્યું કારણ કે 'હુસેન શાહ વલી' નામક વ્યક્તિએ આ તળાવની ડિઝાઈન બનાવવામાં મદદ કરી હતી.

૧૯૪૭માં ભારત-પાકિસ્તાનના ભાગલા પછી 'કરાંચી' થી હૈદ્રાબાદ સ્થાયી થયેલા ખાનચંદ રમન્નાનીજી નામક સિંધી ગૃહસ્થે ૧૯૫૩માં 'કરાંચી બેકરી' ની શરુઆત કરી. જે આજે મોટી બ્રાન્ડ બની ગઈ છે. હૈદ્રાબાદ જઈએ તો ત્યાંથી કરાંચી બિસ્કીટ તો ત્યાની લેવા જ જોઈએ. 'ઓસ્માનીયા' બિસ્કીટ ત્યાંની સ્પેશિયલ વેરાઈટી છે. બિસ્કીટનો જ કોઈ મોલ હોય તે તો હૈદ્રાબાદમાં જ જોયું. પરંતુ એક વાર બિસ્કીટ ખાધા પછી સ્વાદ દાઢેથી અળગો ન થાય.

હૈદ્રાબાદી બિરીયાની અહીંયાની ગાંધીનગરની દરેક રેસ્ટોરાંમાં ખાધા પછી હૈદ્રાબાદમાં જઈને ખાવાની અલગ જ મજા છે. જો કે નોનવેજ નો પરહેજ હોવાથી વેજ-દમ-બિરયાનીની જયાફત જ ઉડાડી શક્યા, પણ તે વેજ-બિરયાનીની તજ-લવિંગની સુગંધીત ડીશ અત્યારે પણ મોઢામાં પાણી લાવી દે છે.

અમદાવાદથી અકોલા (મહારાષ્ટ્ર) ઔઢા નાગનાથ, પરલી વૈજનાથ, શ્રી શૈલમ મલ્લિકાર્જુનમ્ (આંધ્રપ્રદેશ) અને હૈદ્રાબાદ (તેલંગાણા) કુલ ૩,૪૦૦ કિ.મી.નો મેરેથોન પ્રવાસ ૬ દિવસમાં પૂર્ણ કરીને ઘર વાપસી કરી. 'દુનિયાનો છેડો ઘર...' ત્રણ જયોતિર્લિંગ, હૈદ્રાબાદના નયનરમ્ય સ્થળો, રામોજી રાવ ફિલ્મ સિટી. આ બધા રમણીય સ્થળોના સ્મરણોને મનમાં સંગૃહિત કરીને તમારી સાથે વહેંચીને તૃપ્તિ અનુભવી.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# દેશદ્રોહીઓને સપનામાં પણ શૈફુજી શૌર્ય ભારદ્વાજનો ચહેરો દેખાય તો ભડકી જાય છે...



**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

ડિસેમ્બર તા. ૪નો ગૌરવશાળી દિવસ પ્રત્યેક હિન્દુસ્તાનીઓ નૌસેના દિન તરીકે ઉજવે છે. ૧૯૭૧માં ડિસેમ્બરની ચોથી તારીખે હિન્દુસ્તાની આર્મ્ડ ફોર્સિસ દ્વારા રાષ્ટ્રને અદભુત ભેટ આપવામાં આવી હતી. એડમિરલ સુરેન્દ્રનાથ કોહલીને કોણ ભૂલી શકે? એમની આગેવાની હેઠળ વાઈસ એડમિરલ નીલકંઠ ક્રિશ્નન અને ભારતીય નેવીના જવામર્દ જવાનોએ પાકિસ્તાન વાઈસ એડમિરલ મુઝફ્ફર હસન અને એમના સેંકડો સૈનિકોને કરાંચી બંદરગાહ ઉપર ધુળ ચાટતા, સોરી સમુદ્રનું ખારું પાણી પીતા કરી દીધા હતા. આ દિવસે 'ઓપરેશન ટ્રાઈડન્ટ' સુરેન્દ્રનાથ કોહલીના નેતૃત્વમાં હાથ ધરાયું હતું. 'ઓપરેશન ટ્રાઈડન્ટ' એટલે મહત્વપૂર્ણ છે કે, હિન્દુસ્તાને પહેલીવાર 'એન્ટી શીપ મિસાઈલો'નો ઉપયોગ કર્યો હતો. ૧૯૭૧ના ભારત-પાક યુદ્ધમાં ડિસેમ્બર તા. ૪ના રોજ રાત્રે હિન્દ મહાસાગર અને અરબી સમુદ્રમાં બંગાળની ખાડીમાં ભારતીય નૌકાદળે કરેલા ધુવાંધાર હુમલામાં પાકિસ્તાની બંદરગાહ કરાંચી તહસ-નહસ થઈ ગયું હતું. પાકિસ્તાનની ફ્યુલ સ્ટોરેજ કેપેસીટીથી માંડીને કારગો વેસલ્સ, માઈન સ્વીપર જેવી તમામ યુદ્ધ સામગ્રી ભસ્મિભુત થઈ ગઈ હતી. જ્યારે ભારતના પક્ષે એક ટકો પણ નુકસાની થઈ ન હતી. ૧૯૭૧ના યુદ્ધમાં 'ઓપરેશન ટ્રાઈડન્ટ' પાકિસ્તાન માટે મરણતોલ ફટકા સમાન હતું. આ એટેક પછી બાંગ્લાદેશની રચના સાથે ભારતનો વિજય થયો હતો. આ ગૌરવશાળી ઘટનાની ઉજવણી માટે પ્રતિ વર્ષ ચોથી ડિસેમ્બર 'ભારતીય નૌસેના દિવસ' તરીકે ઉજવવામાં છે.

'ત્રિરંગો આકાશમાં શાનથી લહેરાવીને પાછો આવીશ કે, મારું શરીર ત્રિરંગામાં લપેટાઈને પાછું આવશે પણ હું પાછો જરૂર આવીશ.' આ શબ્દો હતાં વિક્રમ બત્રાના. કોણ હતાં આ વિક્રમ બત્રા ? એકાદ - બે ફિલ્મોમાં કામ કરનારા કોઈ નટ-નટી કે એકાદ-બે ક્રિકેટ મેચ રમીને સદી કરનારા અથવા બે-પાંચ વિકેટ લેનારા બેટ્સમેન કે બોલરનું નામ યાદ ન રહે તો ચાલે પણ આવા 'રીયલ લાઈફ હીરો' વિક્રમ બત્રા, એડમિરલ સુરેન્દ્રનાથ કોહલી, વાઈસ એડમિરલ નીલકંઠ ક્રિશ્નન જેવા સેંકડો હજારો જવામર્દો આ દેશની આન-બાન અને શાન છે. એમને શેં ભુલાય ? કારગીલમાં ઓપરેશન વિજય વેળા બેટલ પોઈન્ટ ૫૧૪૦ ઉપર જવામર્દીથી લડીને વતન ઉપર જાન કુરબાન કરનારા ઈન્ડિયન આર્મીના કેપ્ટન વિક્રમ બત્રાની દેશપ્રેમ અને દેશદાઝને સલામ છે. હિન્દુસ્તાનમાં આવા જવામર્દો દેશદાઝના છલોછલ ભરેલાં કટોરા જેવા છે. એક તત્વચિંતક કહ્યું છે કે, આપણા દેશમાં ક્યારેય વીટામીન 'પી'ની કમી નથી રહી. વીટામીન 'પી' એટલે પેટ્રોઈટીઝમ — દેશદાઝ. કેપ્ટન બત્રા, એડમિરલ કોહલી જેવા અનેક વિટામીન-પીના અનેક ઈન્જેકશન આ દેશમાં મોજૂદ છે.

દેશની આર્મ્ડ ફોર્સીસના હજારો સૈનિકો કમાન્ડો ફોર્સ, અને સ્પેશિયલ પ્રોટેક્ટ ગ્રુપના જવાનોને તાલીમ આપનારા જિંદાદીલ અને દેશદાઝથી લબાલબ ભરેલા શૈફુજી શૌર્ય ભારદ્વાજની દેશપ્રેમસભર વાણી સાંભળીએ ત્યારે ગૌરવથી રુંવાડા ઊભા થઈ જાય. યુ-ટ્યુબ ઉપર એમના દેશભક્તિથી ભારોભાર ભરેલા વિડીયોના દુનિયાભરના કરોડો હિન્દુસ્તાનીઓ 'ફેન' છે. પંજાબના ગુરદાસપુરમાં પહેલવાન માનવેન્દ્રપ્રસાદ ભારદ્વાજ અને મિતાંબરા દેવીનું આ ફરજંદ આજે એની જોશીલી જબાનથી દેશભરમાં રાષ્ટ્રપ્રેમની અસ્ખલિત ધારા વહાવી રહ્યું છે. તલવાર જેવી નોકીલી મુછ ધરાવતાં ૩૫ વર્ષના તેજવાન યુવાન શૈફુજી ભારતીયોના દિલમાં વસી ગયા છે. શૈફુજીના દાદા ક્રાંતિકારી હતાં. હિન્દુસ્તાની સોશિયલિસ્ટ રીપબ્લિકન એસોસિએશનના એ મજબૂત હિસ્સો હતાં. શૈફુજીના પરિવારમાંથી ઘણાં સભ્યો ભારતીય આર્મ્ડ ફોર્સમાં અલગ અલગ ડીપાર્ટમેન્ટમાં સેવા આપી રહ્યાં છે. એક ક્રાંતિકારીના ફેમીલીમાં જન્મેલા શૌર્યના જીવનમાં શિસ્ત અને સંસ્કાર લોહીમાં વણાયેલા છે. પિતાએ બાળક શૌર્યને રેસલીંગ, સ્વીમીંગ, અને માર્શલ આર્ટની તાલીમ આપવાની શરૂ કરી દીધી હતી. આગળ જતાં ૧૭ વર્ષની યુવા વયે એમણે માર્શલ આર્ટની સૌથી ખતરનાક ટેકનિક 'કલરીપયાટ્ટુ' શીખીને એમાં પારંગતતા હાંસલ કરી લીધી. એવું પણ કહેવાય છે કે, 'કલરીપયાટ્ટુ' માર્શલ આર્ટના આદ્યસ્થાપક પરશુરામજી હતા.

ડીએવી સાયન્સ કોલેજમાંથી સ્નાતક બન્યા બાદ શૌર્યજીએ અર્બન વેલ્ફેર એન્ડ બોડી સાયન્સમાં પીએચડીની ડીગ્રી મેળવી. સંસ્કૃત, પંજાબી, હિન્દી, હરિયાણવી, અંગ્રેજી, ભોજપુરી, ગુજરાતી, રશિયન જેવી ભાષાઓ ઉપર શૌર્યજીની જબરી પક્કડ છે. એમનું મૂળ નામ શૌર્ય ભારદ્વાજ છે. પાછળથી એમના નામની આગળ 'શૈફુજી' જોડવામાં આવ્યું. 'શૈફુજી'નો અર્થ થાય છે તજજ્ઞ, માસ્ટર કે ધર્મગુરુ. ભારતમાં શૌર્ય ભારદ્વાજ એક માત્ર એવા વ્યક્તિ છે કે, જેમના નામની આગળ 'શૈફુજી' લગાડવામાં આવે છે. જો કે આ વાતનો આધિકારિક કોઈ પુરાવો નથી.

૨૬-૧૧ના મુંબઈના આતંકી હુમલા બાદ હિન્દુસ્તાનના જેટલાં પણ સ્પેશિયલ પ્રોટેકશન ગ્રુપ અને ફર્સ્ટ એકશન ગ્રુપ છે એમના કમાન્ડોઝને શૈફુજી વોર ટેકનિકની તાલીમ આપે છે. વિશ્વના ૬૭ જેટલાં દેશોના સ્પેશિયલ ફોર્સિસ ઉપર શૈફુજીએ ઊંડાણપૂર્વકનો અભ્યાસ કર્યો છે. બાગી જેવી અનેક ફિલ્મોમાં કામ કરી ચૂકેલા અને આર્મ્ડ ફોર્સીસનો ડ્રેસ પહેરીને વિડિયો જારી થતાં શૈફુજી ઉપર અભિષેક શુકલા નામના એક વ્યક્તિએ આરટીઆઈ અન્વયે માહિતી માંગી હતી. પછી શૈફુજીને સોશ્યલ મીડિયા ઉપર ફ્રોડ અને ફેક બતાવી ટ્રોલ કરવામાં આવ્યા હતા. ભારતીય આર્મ્ડ ફોર્સે અને શૈફુજીએ સ્વયં પણ ત્યાર પછી એક વિડીયોમાં ખુલાસો કરીને વિગતવાર જણાવ્યું હતું કે તેઓ ભારતીય આર્મ્ડ ફોર્સીસનો હિસ્સો નથી.

તેજાબમાં ઝબોળીને એક એક શબ્દો કહેતાં શૈફુજી ભગતસિંહથી અત્યંત પ્રભાવિત છે. જ્યારે કોઈ એમની ઓળખ પુછે તો એ છાતી કાઢીને જવાબ આપે છે કે, 'મેરી પહચાન સિર્ફ ઈતની હૈ કી, આઈ એમ બોર્ન એન ઈન્ડિયન'. ભારત મેરી પહેચાન હૈ, ભારત મેરા સન્માન હૈ, ભારત મેરા અભિમાન હૈ. આપ મેરા તન, લહુ સબ કુછ છીન સકતે હૈ, મેરી ભારતીય હોને કી પહેચાન નહી છીન શકતે. મૈં ભારતીય હું ઉસકા મુજે બહોત ગર્વ હૈ ઉસસે ઉપર કોઈ ગર્વ હી નહીં હૈ. મૈં ભારત માં કા બેટા પહેલે હું બાદ મે કીસી માં ને મુજે જન્મ દીયા હૈ....' શૈફુજીના મિશન પ્રહાર અંતર્ગત ભારતની ૩૯ લાખ ઉપરાંત મહિલાઓએ સ્વરક્ષણ ટેકનિકની તાલીમ લીધી છે. આ ઉપરાંત મિશન મીટ્ટી, મિશન ભારત વિશ્વગુરુ, મિશન શહાદત સન્માન, મિશન પ્રચંડ ભારત, મિશન પેટ્રીઓટ, મિશન ભારત માત, મિશન મિલીટરી ટ્રેનીંગ અને મિશન રેવોલ્યુશનરી પ્રાઈડ જેવા મહત્વના કાર્યક્રમોથી શૈફુજી ભારતભરમાં જાણીતા છે. દેશના દુશ્મનો, આતંકવાદીઓ, ગદ્દારો સામે આગ ઓકતા એક વિડીયોમાં શૈફુજીએ કહ્યું છે કે, 'ન હિન્દુઓ સે, ન મુસ્લિમો સે, ઈસ મુલ્ક કો તકલીફ હૈ ગદ્દારો સે, ઔર બેઈમાનો સે. જિસે હમ હાર સમજ બૈઠે થે ગલા સજાને કો, વહી આજ નાગ બન બૈઠે હૈ હમે કાટ ખાને કો.

શૈફુજીના યુ-ટ્યુબ ઉપરના કેટલાક જલદ વિડિયોઝમાં ઊભા ઊભા સળગી જાય અને ન સંભળાય એવી ભાષામાં દેશના દુશ્મનો લલકાર્યા છે. કેટલાક ચોખલીયા લોકોએ શૈફુજીના આ વિડીયોઝ સામે અવાજ ઉઠાવીને કહ્યું કે, અપશબ્દો એ આપણી સંસ્કૃતિ નથી. પરંતુ સિંહની દહાડ સામે આ બધા શિયાળવા શિંયાંવીયા થઈ ગયા. જો કે, આ વિડીયો પછી શૈફુજીના મોટાભાઈએ ગુસ્સા પર કંટ્રોલ રાખી અપશબ્દો ન બોલવા એમની પાસે વચન લીધું. શૈફુજીએ ત્યારબાદ મોટાભાઈને આપેલું વચન બરકરાર રાખ્યું. એમણે ભાઈને આપેલા વચન પછીના કોઈપણ વિડીયોમાં દેશના ગદ્દારોને આતંકીઓને ઠમઠોર્યા જરૂર પણ અપશબ્દોથી નવાજવાનું બંધ કર્યું.

વિચક્ષણ પ્રતિભા ધરાવતા લાલબહાદુર શાસ્ત્રીએ કહ્યું હતું કે, 'આઝાદીની રખવાળી માત્ર સૈનિકોની એકલાની જવાબદારી નથી. રાષ્ટ્રના પ્રત્યેક નાગરિકે રાષ્ટ્ર પ્રતિ જવાબદારી સમજીને મજબૂત બનીને રહેવું પડશે.' દરેક વ્યક્તિ આર્મ્ડ ફોર્સિસમાં કદાચ ન પણ જઈ શકે. બધા પાસે શૈફુજી જેવી બોલવાની અને કમાન્ડોઝ ટ્રેનિંગ આપવાની સ્કીલ ન પણ હોય. પરંતુ પ્રત્યેક હિન્દુસ્તાનીનું હૃદય તો દેશપ્રેમ અને દેશદાઝથી ઠસોઠસ ભરેલું હોવું જ જોઈએ. દેશભક્તિની બેમિસાલ શક્તિનો સ્ત્રોત ક્રાંતિવીર ભગતસિંહ છે. એ કહેતાં કે, 'દેશભક્તોને લોકો હંમેશા પાગલ કહે છે. એ લોકોને કહી દો કે, છાતી ઉપર જે ઘા પડ્યા છે એ બધા ફૂલોના ગુલદસ્તા છે. અમને પાગલ જ રહેવા દો. અમે ક્રાંતિકારીઓ પાગલ જ સારા છીએ.

શૈફુજી એક વિડીયોમાં કહે છે કે, "કાશ મેરી જિંદગીમેં સરહદ કોઈ શામ આયે, કાશ મેરી જિંદગી મેરે વતન કે કામ આયે. ન ખૌફ હૈ મૌત કા ઔર ન આરઝૂ હૈ જન્નત કી. મગર જબ કોઈ જીક્ર હો શહીદો કા, કાશ મેરા ભી નામ આયે. અગર કોઈ પૂછે કૌન થા વો ? તો મેરી યે પહેચાન લીખ દેના, ઉઠાના મેરા કમાન્ડો ડેગર ઔર છાતી પે હિન્દુસ્તાન લીખ દેના. કોઈ યું પુછે પાગલ થા વો કૌન ? તો ભગતસિંહ ઔર ક્રાંતિકારીયોં કા ચેલા ઔર ઈન્કલાબ કા ગુલામ લીખ દેના. બચા હો જિસ્મ મે લહુ મેરા, નિકાલ ફેંકના જમીન પર ઔર ઉસસે 'માં તુજે સલામ' લીખ દેના..."

શૈફુજીની સહી 'ઈન્કલાબ જિંદાબાદ' છે. આ એક એવો હિન્દુસ્તાની ભડવીર છે કે જેણે લાખો કરોડો હિન્દુસ્તાનીઓના દિલમાં દેશપ્રેમને પ્રાણવાયુની જેમ ભરી દીધો છે. યુ-ટ્યુબ ઉપર શૈફુજી એટલે કે શૌર્ય ભારદ્વાજજીના દેશપ્રેમના વિવિધ વિષયો ઉપર આગ ઝરતા વિડીયોઝની વણઝાર મળી રહે છે. માત્ર બોલીને બેસી રહેનારાઓમાં શૈફુજી નથી એમણે અનેક કાર્યક્રમો યોજીને દેશ સેવા માટે નક્કર પગલાં પણ લીધાં છે. શૈફુજી રેડિયો અને ટીવી પર ડિબેટીંગ કરવા કરતાં કર્તવ્ય કરી દેશની સેવા કરવામાં વધુ માને છે. આ એક એવો હિન્દુસ્તાની છે કે, જે હિન્દુસ્તાનની આર્મ્ડ ફોર્સીસ કે હિન્દુસ્તાન સામે એક પણ શબ્દ ઘસાતો સાંભળવા હરગીઝ તૈયાર નથી. દેશદ્રોહીઓ અને આતંકવાદીઓને સપનામાં પણ શૈફુજી શૌર્ય ભારદ્વાજનો ચહેરો દેખાય તો એમના આગ ઝરતા શબ્દો અને દેશપ્રેમથી છલોછલ ભરેલો તેજોમય ચહેરો યાદ આવી જાય છે અને ભડકીને બેઠા થઈ જાય છે.

**ધબકાર**

**દેશ માટે પ્રેમ છે તો એ છલકીને બહાર આવવા દો. કોઇની રાહ શા માટે જુઓ છો, ગર્વથી બોલો ' જય હિંદ ' અને અભિમાનથી કહો 'હુ હિન્દુસ્તાની છુ'.**